 ISSN: 2349-6002

# આશાવર્કર: સમુદાય અને આરોગ્ય વચ્ચેનો સેતુ

Surabhi Bharatbhai Bhuva
*M.A., M.Phil., Ph.D. (Scholar), GSET, Saurashtra University, Rajkot*
doi.org/10.64643/IJIRTV12I8-189750-459

**સારાંશ -** આ સંશોધન "આશાવર્કર : સમુદાય અને આરોગ્ય વચ્ચેનો સેતુ" માં આશા (Accredited Social Health Activist) વર્કરોની ભૂમિકા, જવાબદારીઓ અને પ્રભાવનું વિશ્લેષણાત્મક અધ્યયન કરવામાં આવ્યું છે. ગ્રામ્ય તથા શહેરી ગરીબ વિસ્તારોમાં આશાવર્કરો આરોગ્ય સેવાઓને જનતા સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ કડી તરીકે કાર્ય કરે છે. માતા અને બાળ આરોગ્ય, રસીકરણ, કુટુંબ નિયોજન, પોષણ, સ્વચ્છતા અને રોગ નિવારણ અંગે જાગૃતિ ફેલાવવી તેમની મુખ્ય ભૂમિકાઓ છે. સંશોધન દર્શાવે છે કે આશાવર્કરો સમુદાયના વિશ્વાસપાત્ર સભ્ય હોવાને કારણે લોકો અને આરોગ્ય પ્રણાલી વચ્ચે અસરકારક સંવાદ સ્થાપિત કરવામાં સફળ થાય છે.

અભ્યાસમાં એ પણ સ્પષ્ટ થાય છે કે આશાવર્કરો આરોગ્ય સેવાઓની પહોંચ વધારવામાં નોંધપાત્ર યોગદાન આપે છે, પરંતુ તેમને તાલીમ, માનધન, કાર્યભાર અને સામાજિક માન્યતા સંબંધિત અનેક પડકારોનો સામનો કરવો પડે છે. સંશોધન પેપર અંતે સૂચવે છે કે આશાવર્કરોની ક્ષમતા વૃદ્ધિ, સમયસર પ્રોત્સાહન, નિયમિત તાલીમ અને સંસ્થાગત આધાર દ્વારા જાહેર આરોગ્ય વ્યવસ્થાને વધુ મજબૂત બનાવી શકાય. આ રીતે આશાવર્કરો સમુદાયના આરોગ્ય સુધારામાં અને સર્વસમાવેશક આરોગ્ય વિકાસના લક્ષ્યને સિદ્ધ કરવામાં મહત્વપૂર્ણ સેતુરૂપે કાર્ય કરે છે.

## પ્રસ્તાવના

ભારત જેવી વિશાળ અને વૈવિધ્યસભર વસતી ધરાવતા દેશમાં સર્વજન આરોગ્ય સેવાઓ પહોંચાડવું એક મોટો પડકાર રહ્યો છે. ખાસ કરીને ગ્રામ્ય અને અર્ધશહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની ઉપલબ્ધતા, જાગૃતિની અછત, ગરીબી અને સામાજિક માન્યતાઓના કારણે લોકો સમયસર સારવારથી વંચિત રહે છે. આવી પરિસ્થિતિમાં સમુદાય અને ઔપચારિક આરોગ્ય વ્યવસ્થા વચ્ચે સંકલન સાધી શકે એવા કાર્યકરોની આવશ્યકતા ઊભી થઈ, જેના પરિણામે રાષ્ટ્રીય ગ્રામિણ આરોગ્ય મિશન (NRHM) અંતર્ગત આશા (Accredited Social Health Activist) વર્કર યોજના અમલમાં આવી.

આશાવર્કરો સમુદાયમાંથી પસંદ કરાયેલ મહિલા આરોગ્ય કાર્યકરો છે, જે લોકોમાં આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવી, પ્રાથમિક આરોગ્ય સેવાઓ સુધી પહોંચ સુલભ બનાવવી અને સરકારી આરોગ્ય યોજનાઓના અમલીકરણમાં સહાય કરવાનું કાર્ય કરે છે. તેઓ માતા–બાળ આરોગ્ય, રસીકરણ, પોષણ, સ્વચ્છતા અને રોગ નિવારણ જેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી આશાવર્કરોને "સમુદાય અને આરોગ્ય વચ્ચેનો સેતુ" તરીકે ઓળખવામાં આવે છે. આ સંશોધન પ્રસ્તાવનામાં આશાવર્કરોની ભૂમિકા, મહત્વ અને જાહેર આરોગ્ય વ્યવસ્થામાં તેમના યોગદાનની પૃષ્ઠભૂમિ રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ખ્યાલની સ્પષ્ટતા

- **આશા (ASHA)**

માન્યતા પ્રાપ્ત સામાજિક આરોગ્ય કાર્યકર્તા (ASHA) એ પ્રશિક્ષિત મહિલા સમુદાય આરોગ્ય કાર્યકર્તા છે. સમુદાયમાંથી જ પસંદ કરાયેલ અને તેના માટે જવાબદાર, ASHA ને સમુદાય અને જાહેર આરોગ્ય પ્રણાલી વચ્ચે ઇન્ટરફેસ તરીકે કામ કરવા માટે તાલીમ આપવામાં આવે છે.

❖ **કાર્યકર**

એક વ્યક્તિ જે ચોક્કસ પ્રકારનું કામ કરે છે અથવા જે ચોક્કસ રીતે કામ કરે છે. દાત :- "આશાવર્કર"

**આરોગ્ય**

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર "આરોગ્યએ સંપૂર્ણ શારીરિક, માનસિક, અને સામાજીક સુખાકારીની સ્થિતિ છે અને માત્ર રોગ અને અશક્તિની ગેરહાજરી"

❖ **સામાજિક દરજ્જો**

વ્યક્તિને સમાજમાં કે એક ચોક્કસ સમૂહમાં મળતું સ્થાન કે હોદ્દો છે. દરજ્જો ચડતા-ઉતરતા ક્રમની સામાજિક વ્યવસ્થામાં વ્યક્તિના સ્થાનનું સૂચન કરે છે.

❖ **ભૂમિકા**

સામાજિક કે જૂથ પરિસ્થિતિમાં વ્યક્તિના સ્થાન સાથે સંકળાયેલા અધિકારો અને કે ફરજોની આસપાસ રચાયેલ વ્યક્તિનાં વર્તનની તરાહ.

**અભ્યાસનાં હેતુઓ**

❖ સમુદાય અને આરોગ્ય વ્યવસ્થા વચ્ચે આશાવર્કરોની ભૂમિકાનું વિશ્લેષણ કરવું.
❖ ગ્રામ્ય તથા અર્ધશહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની પહોંચ વધારવામાં આશાવર્કરોના યોગદાનનો અભ્યાસ કરવો.
❖ સમુદાયમાં આરોગ્ય જાગૃતિ ફેલાવવામાં આશાવર્કરોની અસરકારકતાનો અભ્યાસ કરવો.
❖ આશાવર્કરોને તેમની કામગીરી દરમિયાન આવતાં સામાજિક, આર્થિક અને સંસ્થાગત પડકારોની ઓળખ કરવી.

➢ **અભ્યાસની ઉપકલ્પના**

❖ આશાવર્કરો સમુદાય અને ઔપચારિક આરોગ્ય વ્યવસ્થા વચ્ચે અસરકારક સેતુરૂપે કાર્ય કરે છે.
❖ આશાવર્કરોની સક્રિય હાજરીથી ગ્રામ્ય તથા અર્ધશહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓની પહોંચમાં વધારો થાય છે.
❖ પૂરતી તાલીમ અને પ્રોત્સાહન મળવાથી આશાવર્કરોની કાર્યક્ષમતા અને કાર્યક્ષેત્રમાં સુધારો થાય છે.
❖ આર્થિક, સામાજિક અને સંસ્થાગત પડકારો આશાવર્કરોની કામગીરીની અસરકારકતાને પ્રભાવિત કરે છે.

➢ **અભ્યાસનું ક્ષેત્ર**

પ્રસ્તુત અભ્યાસ "આશાવર્કર : સમુદાય અને આરોગ્ય વચ્ચેનો સેતુ" ક્ષેત્ર તરીકે રાજકોટ તાલુકાના કુલ PHC સેન્ટર માંથી ૩ PHC સેન્ટર જસદણ, આટકોટ અને વિછીયામાં સમાવેશ થતા ગામોમાંથી દરેક PHC સેન્ટરમાં આવતા ૦૫ ગામ એટલે કે ટોટલ ૧૫ ગામની પસંદગી કરવામાં આવી છે. ત્યાની આશાવર્કરની મુલાકાત લઈ પ્રશ્નાવલીના આધારે માહિતી એકત્ર કરવામાં આવી છે.

➢ **માહિતી એકત્રીકરણની પદ્ધતિઓ અને પ્રયુકિતઓ**

પ્રસ્તુત અભ્યાસમાં ગ્રામીણ સમુદાયમાં પ્રાથમિક ક્ષેત્રે "આશાવર્કર : સમુદાય અને આરોગ્ય વચ્ચેનો સેતુ" માં આશાવર્કરની ભૂમિકા તપાસવા માટે સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે આશાવર્કરની પ્રત્યક્ષ મુલાકાત લઈ પ્રશ્નાવલી દ્વારા પ્રાથમિક માહિતી તેમજ ગૌણ માહિતી ગ્રંથાલય પદ્ધતિ કે દસ્તાવેજી પદ્ધતિ દ્વારા લાઇબ્રેરીના પુસ્તકો, સરકારી અહેવાલો, માર્ગદર્શિકા, મોડ્યુલ તથા તાલુકાના કચેરીની યાદીઓ વગેરે દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે.

➢ **નિદર્શ પસંદગી**

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ તાલુકાના ૩ PHC સેન્ટર જસદણ, આટકોટ અને વિછીયાથી સંશોધક પરિચિત છે. આ ઉપરાંત ત્યાના PHCની મુલાકાત લીધેલી છે. આથી તેમની પસંદગી કરવામાં આવી છે. ૩ PHCની

 ISSN: 2349-6002

અંદર સમાવિષ્ટ થતાં ૦૫-૦૫ ગામની આશાવર્કર તાલુકા કચેરીનાં લીસ્ટમાં સમાવિષ્ટ છે. આથી પદ્ધતિસરના નિદર્શનથી બેકી સંખ્યામાં આવતા ૧૦ ઉત્તરદાતાની પસંદગી ૧ PHC માંથી કરવામાં આવી છે. આમ કુલ ૩૦ ઉત્તરદાતાની પસંદગી કરેલ છે.

### ASHA માટે પસંદગીનાં માપદંડ (ગ્રામ્ય વિસ્તારોમાં)

- ASHA પ્રાથમિક રીતે ૨૫ થી ૪૫ વર્ષની વય જૂથમાં પરણિત, વિધવા, છુટાછેડા લીધેલ ગામની રહેવાસી મહિલા હોવી જોઈએ
- ૧૦ ધોરણ સુધી લાયકાત ધરાવતા લોકોની પસંદગીમાં યોગ્ય પ્રાધાન્ય સાથે તેણી સાક્ષર મહિલા હોવી જોઈએ જ્યાં તેઓ રસ ધરાવતા હોય અને સારી સંખ્યામાં ઉપલબ્ધ હોય જો આ લાયકાત ધરાવનાર કોઈ યોગ્ય વ્યક્તિ ઉપલબ્ધ ન હોય તો જ આમાં રાહત મળી શકે છે.
- આશાની પસંદગી વિવિધ સમુદાય જૂથો, સ્વ સહાય જુથો, આંગણવાડી સંસ્થાઓ, બ્લોક નોડલ અધિકારી, જીલ્લા નોડલ અધિકારી, ગ્રામીણ આરોગ્ય સમિતી અને ગ્રામસભાને સમાવિષ્ટ પસંદગીની સખત પ્રક્રિયા દ્વારા કરવામાં આવે છે.
- ૧૦૦૦ ની વસ્તીએ ધરાવતાં દરેક ગામમાં એક સામુદાયિક આરોગ્ય સ્વયંસેવક એટલે કે આશાની પસંદગી થાય છે.

### તારણો

- અભ્યાસ પરથી સ્પષ્ટ થાય છે કે આશાવર્કરો સમુદાય અને ઔપચારિક આરોગ્ય વ્યવસ્થા વચ્ચે એક અસરકારક સંકલનકારી સેતુરૂપે કાર્ય કરે છે.
- ગ્રામ્ય વિસ્તારોમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓની પહોંચ વધારવામાં આશાવર્કરોનું યોગદાન મહત્વપૂર્ણ હોવાનું નોંધાયું છે.
- માતા તથા બાળ આરોગ્ય સંબંધિત સેવાઓ જેમ કે ગર્ભાવસ્થા સંભાળ, પ્રસૂતિ પૂર્વ–પશ્ચાત સેવાઓ અને રસીકરણમાં આશાવર્કરોની ભૂમિકા અસરકારક સાબિત થય છે.
- આશાવર્કરો દ્વારા ફેલાવવામાં આવતી આરોગ્ય જાગૃતિના પરિણામે આરોગ્ય સેવાઓ પ્રત્યે લોકોની સકારાત્મક દૃષ્ટિ વિકસતી હોવાનું અભ્યાસ દર્શાવે છે.
- સમુદાયના સભ્યો આશાવર્કરો પર વિશ્વાસ ધરાવતા હોવાથી આરોગ્ય યોજનાઓના અમલીકરણમાં સહકાર વધ્યો છે.
- આશાવર્કરો સમયસર રિફરલ પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જેના કારણે ગંભીર આરોગ્ય સમસ્યાઓમાં મોડું થતું અટકે છે.
- અભ્યાસ દરમિયાન જાણવા મળે છે કે આશાવર્કરોની કામગીરી મુખ્યત્વે પ્રોત્સાહન આધારિત હોવાને કારણે તેમની આર્થિક સુરક્ષા મર્યાદિત રહે છે.
- કાર્યભારની તીવ્રતા અને જવાબદારીઓની વ્યાપકતા આશાવર્કરો પર માનસિક તથા શારીરિક દબાણ ઊભું કરે છે.
- આશાવર્કરોને મળતી તાલીમની આવૃત્તિ અને ગુણવત્તામાં અસમાનતા જોવા મળે છે, જે તેમની કાર્યક્ષમતાને અસર કરે છે.
- યોગ્ય માર્ગદર્શન, નિયમિત તાલીમ અને સમયસર પ્રોત્સાહન મળવાથી આશાવર્કરોની કામગીરી વધુ અસરકારક બની શકે છે.
- આશાવર્કરોની સક્રિયતા જાહેર આરોગ્ય કાર્યક્રમોની સફળતા સાથે સીધો સંબંધ ધરાવે છે.
- સમાપનરૂપે, આશાવર્કરો જાહેર આરોગ્ય વ્યવસ્થાના આધારસ્તંભ તરીકે કાર્ય કરી સમુદાયના સર્વાંગી આરોગ્ય વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

### સંદર્ભ સૂચિ

[1] Ministry of Health and Family Welfare. ASHA: Accredited Social Health Activist – Guidelines. Government of India, New Delhi, 2005.

[2] Ministry of Health and Family Welfare. ASHA: Which Way Forward? Evaluation of ASHA Programme. Government of India, New Delhi, 2011.

[3] महाजन, धर्मवीर, और कमलेश महाजन. सामाजिक अनुसंधान की पद्धतियाँ. 2008.

[4] महाजन, संजीव. सामाजिक शोध की पद्धतियाँ. 2010.

[5] प्रसाद, लोकेश के. अनुसंधान पद्धतिशास्त्र. 2004.

[6] यादव, रामजी. भारत में ग्रामीण विकास. 2011.

[7] દેસાઈ, એ. આર. ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર. આર. આર. શેઠ કંપની, અમદાવાદ, 1967.

[8] નાના બાળકોની ઘરે સારસંભાળ (HBYC) સંચાલન માર્ગદર્શિકા. એપ્રિલ 2018.

[9] મહિલા આરોગ્ય સમિતિ માટે ઈન્ડકશન તાલીમ માર્ગદર્શિકા. રાજકોટ મહાનગરપાલિકા, આરોગ્ય શાખા.

[10] આશા મોડયુલ.

[11] ગ્રામીણ વિસ્તારોમાં આશાનાં પ્રારંભિક શિક્ષણનું મોડયુલ.